બંધારણનો ચુસ્ત પણે અમલ કરવો અને
કરાવવો એ દરેક વ્યક્તિની પવિત્ર ફરજ છે.

**૧૩૫ પાટણવાડા વણકર પંચે તા. ૩-૩-૯૧ ના રોજ ધિણોજ મુકામે કરેલ બંધારણમાં સં-૨૦૫૭ના બીજા આસો વદ-૧૧ ને રવિવાર તા. ૧૧-૧૧-૨૦૦૧ ના રોજ ધિણોજ મુકામે મળેલ. ૧૩૫ પાટણવાડા વણકર પંચે કરેલા સુધારા વધારા સાથેનું બંધારણ.**



પરગણું મળવાનું સ્થળ
ધિણોજ, તા. ચાણસ્મા, જી. પાટણ.
તા. ૧૧-૧૧-૨૦૦૧

# ૧૩૫ પાટણવાડા વણકર પંચના થયેલા ઠરાવો

## બંધારણ

સ્થળ : ધિણોજ તા. ૧૧-૧૧-૨૦૦૧

### સગાઈની વિગત :-

૧. સગાઈ કરતી વખતે કન્યા નો બાપ વરના બાપને એક ચલણી રૂપિયો આપશે.

૨. સગાઈ કરતાં પહેલાં કોઈ આલમેલ કરવી નહિ.

૩. સગાઈ કર્યા પછી કોઈ દાગીનો કે વસ્તુની ભેટ આપવી નહિ.

૪. સગાઈ કરાવનારને બન્ને પક્ષો તરફથી એકાવન-એકાવન રૂપિયા આપવા.

૫. વેવાઈવટ કરવા પાંચ જ માણસો એ જવું. પાંચ કરતાં વધારે જનાર માટે બંને પક્ષો ગુનેગાર ગણાશે. વેવાઈવટ કરનાર પાંચેયને દશ-દશ રૂપિયા કન્યા પક્ષ તરફથી આપવા.

૬. સગાઈ વખતે કે વેવાઈવટ કરવા જતી વખતે કોઈપણ પ્રકારના દાગીના-કપડાં-બંગડીઓ જેવી કોસ્મેટીક વસ્તુઓ આપવી નહિ. જે આપશે તે નાતનો ગુનેગાર ગણાશે.

૭. લગ્ન લેવા જવાની જાણ પત્રથી કરવી લગ્ન વધાવવા બે આદમીએ જવું. લગ્ન વધાવતી વખતે એક ચલણી રૂપિયો આપવો. લગ્ન એક રાતવાસો રહેશે.

૮. પોસાતું હોય તો ઓઢમણાં લેવાં. પરંતુ વળતરમાં કાંઈ આપવું નહિ.

૯. સગાઈ તોડવાની જાણ પત્રથી સગાઈ કરાવનારને કરવી. અને સગાઈ કરાવનારે ઘરધણીને પત્રથી જાણ કરવી.

૧૦. સગાઈ તોડનારનો રૂપિયા એકાવન દંડ લેવામાં આવશે.

### જાનની વિગત :-

૧. જાનની વારતિથિ બંને પક્ષે મળીને નક્કી કરવી.

૨. જાનમાં વર અને વાજીંત્રો સહિત ૬૧ એકસઠ માણસોએ જવું. જાનમાં વરપક્ષ તરફથી જાનડીઓ લઈ જવી નહિ. જો જાનડીઓ (નાની છોકરી પણ નહિ) લઈ જશે તો બંને પક્ષો નાતના ગુનેગાર ગણાશે.

૩. વાજીંત્રોમાં ઢોલ, શરણાઈ લઈ જવાનાં છે. અગવડને પ્રસંગે વાજીંત્રો લઈ ન જનારનો ગુનો ગણાશે નહિ.

૪. જાન સવારે જશે અને સાંજે પાછી આવશે.

૫. જાનને સીધી ઉતારે લઈ જવી વરને ઝાંપાના તોરણે પુંખીને ઉતારે લઈ જવા જાની વાસો આપવાનો નથી.

૬. એક માંડવે બે જાનો હોય તો બંને વરને સાથે પુંખવા પણ જાન જેમ આવે તેમ ઉતારે લઈ જવી.

૭. જાનને જમણામાં ચોખ્ખા ઘી નો શીરો અને દાળભાત આપવાં બુફે કે સમાંતર બીજું ભોજન આપવું નહિ. અને આપશે તો નાતનો ગુનેગાર ગણાશે. સમાંતર બીજું ભોજન બંધ કરવામાં આવે છે. સમાંતર ભોજન ખાનાર અને ખવડાવનાર નાતના ગુનેગાર ગણાશે.

૮. ફકત કન્યા માટે જ માંડિયો લાવવો.

૯. વર માટે ખુંપ - કલગી બંધ છે. પણ ફૂલહાર પહેરાવવો.

૧૦. કન્યા પક્ષ તરફથી બાજવટ આપવો. બાજવટ આપતી વખતે કાંઈ આપવાનું નથી.

૧૧. લગ્ન નું આણું સાત દિવસ રહેશે.

૧૨. લગ્ન પછી કન્યા પક્ષ તરફથી કન્યાને મળવા કે માથે હાથ ફેરવવા જવાનું નથી. જો જશે તો બંને પક્ષ ગુનેગાર ગણાશે. લગ્નના આણા વખતે કન્યાને વરપક્ષ તરફથી સાડી-દાગીના કે કાંઈ ભેટ આપવી નહિ.

૧૩. લગ્નનું આણું મુકવા એક માણસે જવું. આણું મુકવા જનારને દશ રૂપિયા આપવા.

૧૪. ઉજાણા વખતે કન્યાને આંટી પહેરાવવી નહિ. ફૂલવેરી શકાશે.

૧૫. જાનમાં ગામોટ લાવવો નહિ.

## ભાણાની વિગત :-

૧. ભાણા વખતે દાપાના રૂપિયા ૧૧૩૫/- અંકે રૂપિયા એક હજાર એકસો પાંત્રીસ પુરા ભાણે ભરવા.

૨. ભાણા વખતે લગ્ન વિધિના ૨૫ રૂપિયા પચીસ પૂરા બ્રાહ્મણને આપવા.

૩. વીરમાયાના વરપક્ષ તરફથી દશ રૂપિયા આપવા તેનું શ્રીફળ લાવી પ્રસાદ વહેંચવો.

૪. જાન પાટણ દુઃખવાડામાં જાય તો પદ્મનાભની જગાના ૧૦ રૂપિયા દશ પૂરા વરપક્ષ તરફથી આપવા.

૫. જે ગામમાં તુરી રહેતા હોય તે ગામમાંજ તુરીના પાંચ રૂપિયા આપવા તુરી ગામમાં રહેતા ન હોય તો આપવા નહિ.

૬. જે ગામમાં મંદિર હોય તે ગામમાં જાન તરફથી દશ રૂપિયા આપવા.

૭. ભાણા વખતે વરને ચાંલ્લો કરવો. ચાંલ્લો કરનારે બીજી કોઈ રકમ આપવી નહિ. દાપું આપવાની છુટ છે.

૮. પંચ મહાપું આપવાનું નથી. પ્રભાતી ટીપણાં બંધ છે.

૯. વર-કન્યા પક્ષે બીજો કોઈપણ જાતનો નાણાંકીય વહેવાર કરવાનો નથી. અને જો આવો વહેવાર ધ્યાનમાં આવશેતો ત્રણગણી રકમ વસુલ કરવામાં આવશે.

## વળતરની વિગત :-

૧. વળતરમાં કન્યાના બાપ તરફથી કન્યા માટે કાનની બુટી કે કડિયો-નાકની જયણી કે રવો (સોનાનો) બધુ મળીને ચાર આની ભાર તેમજ પગની ઝુપનદોરી ૧૦૦ ગ્રામ ચાંદીની લેવી.

૨. દાગીનાનો હક વરપક્ષનો રહેશે.

## પ્રથમ આણાંની વિગત :-

૧. પ્રથમ આણું તેડવા જવા માટે પંદર દિવસ પહેલાં પત્રથી જાણ કરવી.

૨. આણું તેડવા એક માણસે જવું તેમણે કન્યા પક્ષને રૂપિયા ૫૩૫/- પાંચસો પાંત્રીસ પુરા આપવા.

૩. આણું તેડવા જનારને દશ રૂપિયા આપવા.

૪. આણું તેડવા જનાર એક રાત રહેશે.

૫. પ્રથમ આણું નવ દિવસ રહેશે.

૬. વળતું આણું તેડવા જનારને પોષાતું હોય તો ઓઢમણું આપવું. વળતર કંઈ આપવાનું નથી.

૭. પ્રથમ આણામાં કન્યાના બાપે બે જોડ કપડાં આપવાં.

## સાજનાની વિગત :-

૧. સાજનાનું સગપણ કરવા બે માણસોએ જવું.

૨. સગપણનો એક ચલણી રૂપિયો આપવો.

૩. સગપણ કરવા જનાર એક રાત રહેશે.

૪. સગપણ કરવા જનારને કન્યા પક્ષ તરફથી બંને ને દશ-દશ રૂપિયા આપવા.

૫. સાજનાની કન્યા તેડવા મુરતિયા સાથે ૧૧ અગિયાર માણસોએ જવું.

૬. મુરતિયાને ઓઢામણું આપવું. બાકીના દશ જણને દશ-દશ રૂપિયા આપવા.

૭. સાજનાના દાપાના રૂપિયા ૮૩૫/- આઠસો પાંત્રીસ પુરા લાણે ભરવા.
૮. સાજનામાં પહ્યું થાળમાં મુકીને આપવું.
૯. પહ્યા ઉપર ૫૧/- રૂપિયા એકાવન પૂરા બેરાં માટે આપવા.
૧૦. પહ્યામાં વરપક્ષ તરફથી જે કાંઈ દાગીના, કપડાં લાવે તે સ્વીકારી લેવાં.
૧૧. જમણમાં ગમે તે આપવાની છુટ છે.
૧૨. સાજનાનું આણું તેડવા જનાર એક રાત રહેશે.
૧૩. સાજનાના ભાણા વખતે બ્રાહ્મણને દશ રૂપિયા આપવા.
૧૪. જે ગામમાં તુરી રહેતા હોય તેને પાંચ રૂપિયા આપવા.
૧૫. જે ગામમાં મંદિર હોય ત્યાં દશ રૂપિયા આપવા.
૧૬. પંચમહાપું આપવાનું નથી.
૧૭. સાજનાનું આણું સીધુંજ મોકલી દેવું.
૧૮. કન્યાના બાપે કન્યાને બે જોડ કપડાં આપવાં.
૧૯. વળતું આણું તેડવા પંદર દિવસે જવું.
૨૦. તેડવા જનારને પોષાતું હોય તો ઓઢામણું આપવું. વળતર કાંઈ આપવાનું નથી.
૨૧. વળતું આણું તેડવા જનારે એક રાત રહેવું.

## મામેરૂ કે મામામોળિયાની વિગત :-

૧. મામેરામાં સહકુટુંબ જઈ શકાશે.
૨. યથાશકિત પ્રમાણે કપડાં અને દાગીના લઈ જઈ શકાશે.
૩. વરવાધામાં વરને શોભે તેવો પોશાક પહેરી શકાશે.
વરવાધો વરના બાપે ખરીદવો.
૪. પંચમહાપું આપવાનું નથી.
૫. મામેરૂ કે મામામોળિયાએ ઘરધણી સિવાય બીજે ક્યાંય રહેવાનું નથી.
૬. મામેરા કે મામામોળિયા વખતે મોસાળ પક્ષ સિવાય કન્યા પક્ષની દિકરી, ફોઈ કે જેમને કન્યા પક્ષ તરફથી આલમેલ કરી શકાય. તેવા કોઈએ કોઈપણ પ્રકારની ભેટ, દાગીનો કે કાંઈ આપવાનું નથી. જો આપશે તો નાતનો ગુનેગાર ગણાશે.
૭ વરવાધાના મોસાળ તરફથી ૮૩૫ રાખવા

## છુટાછેડાની વિગત :-

૧. મુરતિયો કન્યા ન ગમાડે તો કોરા કાગળે છુટાછેડા કરવા અને લગ્ન વખતે વળતરમાં આપેલા દાગીના કન્યા પક્ષને પરત આપવા.

૨. કન્યા મુરતિયાને ન ગમાડે તો રૂપિયા ૧૧૩૫/- એકે રૂપિયા એક હજાર એકસો પાંત્રીસ આપવા અને છુટાછેડા કરતાં દાગીના પણ વરપક્ષને આપી દેવા.

૩. ઉપરની બંને કલમો પ્રમાણે છુટાછેડા ન થાય તો આ પ્રશ્ન પંચ આગળ રજૂ કરવો. પંચે આનો સ્પષ્ટ નિર્ણય બંને પક્ષોને સાંભળીને આપવો. પંચે આપેલો નિર્ણય પાળવાનો રહેશે જો ચૂક કરશેતો નાતનો ગુનેગાર ગણાશે.

૪. છુટાછેડા સમાજ મારફત લેવા. કોર્ટના આશરો લેવો નહિ.

૫. સમાજ નિર્ણય ન કરે કે નિકાલ કરે તો સમાજની અનુમતિથી કોર્ટમાં જઇ શકાશે.

૬. વિધુર કે છુટાછેડા લીધેલા મુરતિયાએ પુનઃ લગ્ન કરવા. કુંવારી કન્યા સાથે લગ્ન કરી શકાશે નહિ. અને કરશે તો નાતનો ગુનેગાર ગણાશે.

૭. છુટાછેડા લીધા સિવાય પુનઃ લગ્ન કરનાર નાતનો ગુનેગાર ગણાશે. બંને પક્ષને સરખા ગુનેગાર ગણવામાં આવશે.

૮. બીજા પરગણાના છુટાછેડા યોગ્ય રીતે કરી દેવા ન થાય તો પંચમાં રજૂઆત કરવી. પંચે આ અંગે ગંભીરતાથી નિર્ણય કરવો.

૯. પરગણું (૧૨૧) વર્ષમાં ત્રણ વખત મળશે. કારતક. મહા અને જેઠ મહિનામાં મળશે. મળવાનો તારીખ - સમય અને સ્થળના પત્રો પરગણાના ગામોને ઘીણોજે લખવાના રહેશે. કોટવાળને પણ જાણ કરવી.

૧૦. મામામોળિયામાં મોસાળ પક્ષ તરફથી દાપું આપવાના પ્રસંગે જાન જે ગામમાં જતી હોય તેના પરગણાના રિવાજ પ્રમાણે દાપું આપવું.

૧૧. નાસ્તાની છુટ છે.

૧૨. ઓઢામણા આપવાની છુટ છે.

૧૩. મામેરાને મામામોળિયાની વખતે વેવાઇને દશ રૂપિયા આપવા.

૧૪. મોસાળ પક્ષ તરફથી વરવાધા પેટે રૂપિયા ૨૩૫/- બસો પાંત્રીસ આપવા.

## સમૂહ લગ્નોના નિયમો :-

૧. સમૂહ લગ્નમાં પણ વરપક્ષ તરફથી ૬૧ (એકસઠ) જાનૈયા લઈ જવા પરંતુ જાનડીઓ લઈ જઈ શકાશે નહી.

૨. કન્યા પક્ષ તરફથી બહેનો જઈ શકશે.

૩. કન્યાના દાગીના તથા પહેરવેશ પરગણાના બંધારણ મુજબ રહેશે.

૪. ભેટ-દાન તથા અન્ય ચીજ-વસ્તુઓ સ્વીકારી શકાશે તથા આણા સાથે લઇ જઈ શકાશે.

૫. મામેરા વખતે કુટુંબીજનો તરફથી અપાતા દાગીના-ભેટો આપી શકાશે નહી.

૬. મામેરાના દર દાગીના લઈ શકાશે.

૭. સમૂહ લગ્નોનું આયોજન ટ્રસ્ટ, મંડળ, ગામ તથા સંસ્થા તરફથી કરી શકાશે

૮. સમૂહ લગ્નોના આયોજન માટે સમાજની કોઈ પણ વ્યકિત તરફથી દાન મદદ લઈ શકાશે.

૯. જમણવારમાં શીરો, દાળ-ભાત રહેશે. બુફે તથા રીસેપ્શન પાર્ટી બંધ છે. વિડીયો શૂટીંગ પણ બંધ કરવામાં આવે છે.

૧૦. સમૂહ લગ્નના આયોજકો ગેરરીતિ વગેરે કરશે તો તેમને પરગણાના ગુનેગાર ગણવામાં આવશે.

## સામાન્ય વિગત :-

૧. મુરતિયાને પ્રથમ વખત આંગણે બેસાડતી વખતે ઓઢામણું અને દશ રૂપિયા આપવા.

૨. બાળલગ્નો કરવા નહિ. લગ્ન વખતે કન્યાની ઉંમર ૧૮ વર્ષ અને મુરતિયાની ઉંમર ૨૧ વર્ષ પુરાંની હોવી જોઇએ.

૩. કન્યાદાન (કંકુકન્યા) આપવાની છુટ છે.

૪. પ્રેતભોજન સદંતર બંધ છે.

૫. લોકાચારના ગમે તે બે દિવસ નક્કી કરવા.

૬. મરણ વખતે સગાં સાચવવાનું બંધ છે. તેમજ બાર દિવસે કુટુંબ જમાડવાનું બંધ છે.

૭. મરણ પ્રસંગે લોકાચારે આવનારને ખીચડી-શાક આપી શકાશે. ઘી આપવું નહિ.

૮. પોત અને લોકાચાર આપવાનું બંધ છે.

૯. દીકરી કે જમાઈના મરણ પ્રસંગે ખાંપણની રકમ આપવાની છુટ છે પરંતુ આ સિવાય બીજા કોઈપણ સગાએ કશું જ આપવાનું નથી.

૧૦. જાન સાજનું અને છુટાછેડાના ગુના અંગે રૂપિયા ૧૦૧/- એકસો એક પૂરા દંડ લેવામાં આવશે. આ રકમ બંને પક્ષ પાસેથી લેવામાં આવશે.

૧૧. સિધ્ધપુરના મેળામાં પરગણાના કામકાજ અંગે મળવાનું છે. પણ પરગણાને ઠીક લાગે ત્યારે ફેરફાર કરી શકશે.

૧૨. પરગણું મળે ત્યારે દંડની રકમ સાથે લાવવી. અને પરગણાએ દરવખતે ગુના ઉઘરાવી લેવા.

૧૩. જે ગામમાં ગુનો બન્યો હોય તે ગામે ગુનાની જાણ પત્રથી પરગણાને કરવી. જે ગામ આવી જાણ નહિ કરે તે નાતનું ગુનેગાર ગણાશે.

૧૪. કન્યા ત્યાંના દહેજ પ્રમાણે બીજા પરગણા સાથે લેવડ-દેવડ કરવી. કન્યા ત્યાંનું દહેજ તેનો અર્થ કે જે ગામે જાઓ તે ગામના પરગણાના રિવાજ પ્રમાણે દરેક પ્રસંગમાં વર્તવું.

૧૫. મરણ પ્રસંગે શોક મુકાવતી વખતે સાડલા ધોતિયાના બદલે દરેક ને રૂ. ૫૦-૫૦ પચાસ પચાસ આપવા.

૧૬. ઉપરના તમામ ઠરાવો અંગેના એટલે કે આખા બંધારણ અંગે છેવટના અધિકારો પરગણા પાસે રહેશે.

૧૭. આ બંધારણ નો અમલ ચુસ્ત પગે કરવાનો છે.

૧૮. બંધારણનો ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે.

૧૯. બંધારણનો અમલ તા. ૩૦-૧૧-૨૦૦૧ થી કરવાનો છે.

ધિણોજ
તા. ચાણસ્મા. જી. પાટણ.
તા. ૧૧-૧૧-૨૦૦૧

૧૩૫, પાટણવાડા વણકર પંચ

# ૧૩૫ પાટણવાડા વણકર સમાજ વણકર વસ્તી પંચના ગામની યાદી

**પાટણ તાલુકો**

૧. દુઃખવાડા પાટણ
૨. સચવ પાટણ
૩. બગવાડા પાટણ
૪. વિલોઠીયાવાસ પાટણ
૫. ઢોઢીયાવાસ પાટણ
૬. મણુંદ
૭. બાલીસણા
૮. સંડેર
૯. રણુંજ
૧૦. કંથરાવી
૧૧. કુણઘેર
૧૨. ધારણોજ
૧૩. ધારપોર
૧૪. વાગડોદ
૧૫. મીઠીવાવડી
૧૬. ચારુપ
૧૭. સબોસણ
૧૮. પળી
૧૯. આંબાપુરા
૨૦. સંખારી
૨૧. ભીલવણ
૨૨. કાંસા
૨૩. ડેર
૨૪. સમોડા
૨૫. નવાપુરા
૨૬. બેપાદર
૨૭. ધનેરા
૨૮. કણી

**ચાણસ્મા તાલુકો**

૧. ચાણસ્મા
૨. ધીણોજ
૩. વડાવલી
૪. કંબોઈ
૫. પલાસર
૬. લણવા
૭. પીઢારપુરા
૮. જાખાના
૯. વસાઈ
૧૦. ફીચાલ
૧૧. કેશણી
૧૨. ધાણોધરડા
૧૩. ગંગેટ
૧૪. ચવેલી
૧૫. જસલપુર
૧૬. વાસણા
૧૭. પીંપળ
૧૮. મીઠાધરવા
૧૯. ખારાધરવા
૨૦. ટાકોદી
૨૧. બ્રાહ્મણવાડા
૨૨. ખારીધારીયાલ
૨૩. મીઠીધારીયાલ
૨૪. મણીયારી
૨૫. ખોખલા
૨૬. દાણોદરડા
૨૭. સેવાળા
૨૮. સમીસા

**હારીજ તાલુકો**

૧. હારીજ
૨. અડીયા
૩. ગોવના
૪. તંબોળિયા
૫. બોરતવાડા
૬. એકલવા
૭. સરવાળ
૮. જૂનામાંકા

**મહેસાણા તાલુકો**

૧. પાંચોટ
૨. છઠીયારડા
૩. પાલોદર
૪. તરેટી
૫. મોટીદાઉ
૬. બામોસણા
૭. બોદલા
૮. દેવીનાપુરા
૯. ગોરાદ
૧૦. વિરતા
૧૧. ખરસદા
૧૨. દવાડા

**ઉંઝા તાલુકો**

૧. ઉંઝા
૨. ઉનાવા
૩. ઉપેરા
૪. મક્તુપુર
૫. કરલી
૬. દાસજ
૭. ભાંખર
૮. ઐઠોર
૯. ડાભી
૧૦. વિજાપારોલા
૧૧. વણાગલા
૧૨. રણછોડપુરા
૧૩. ટુંડાવ
૧૪. સીહી

**બહુચરાજી તાલુકો**

૧. કનોડા
૨. મોટપ
૩. જેતપુર
૪. વિજાપુરડા
૫. ઐંદલા
૬. કાલરી
૭. બેચર
૮. શંખલપુર
૯. ડોડીવાડા
૧૦. ગાંભુ
૧૧. દેલવાડા
૧૨. સાપાવાડા
૧૩. સૂરજ
૧૪. અંબાલા


**વિસનગર તાલુકો**

૧. વાલમ
૨. ખંડોસણ
૩. તરભ
૪. જેતલવાસણા
૫. સાતુસણા
૬. ભાન્ડુ
૭. વડુ
૮. પુદગામ

**-: તાલુકાના ગામની સંખ્યા :-**

| | | | |
|---|---|---|---|
| ૧. પાટણ તાલુકા | ૨૮ | ૫. ઉંઝા | ૧૪ |
| ૨. ચાણસ્મા તાલુકા | ૨૮ | ૬. બહુચરાજી તાલુકા | ૧૪ |
| ૩. હારીજ | ૦૮ | ૭. વિસનગર તાલુકા | ૦૮ |
| ૪. મહેસાણા તાલુકા | ૧૨ | કુલ | ૧૧૨ |

વિનંતી :- શરત ચૂકથી કોઈ ગામ રહી ગયું હોય તો ઉમેરવા જાણ કરવી.



વીર માહયાનો જય હો.